ત્રણ ચોર અને રાજા



ત્રણ ચોર અને રાજા



ઈરાન ની લોકકથા





ઘણા વર્ષો પૂર્વે ઈરાન માં એક રાજા રહેતા હતા જેની લાંબી, શાનદાર મૂછો હતી. રાજા નું નામ અબ્બાસ હતું. એને ખાવાનું બહુ પસંદ હતું. રોજ રાત્રે તેઓ સ્વાદિષ્ટ ભોજન કરતા હતા, પણ તેઓ હંમેશા એકલા જ ભોજન કરતા.





એક સાંજે રાજા કેસરી ભાત અને દાડમ ના દાણા સાથે માછલી ખાવા બેઠા. પણ જયારે તેમણે માછલી ને ખાવા ની કોશિશ કરી, તો માછલી અહીં-તહીં ઠેકડા મારવા લાગી. એ રાત્રે રાજા ભોજન ન કરી શક્યા. એટલે એમણે એમના વિશ્વાસપાત્ર વજીર ને બોલાવ્યા.

માછલી ને જોઈ વજીરે કહ્યું, "મહામહિમ, આ એ વાત નો સંકેત છે કે આપણા રાજ્ય માં થોડા લોકો ભૂખ્યા છે. એમને ખવડાવી ને પછી જ તમે તમારું રાત નું ભોજન કરી શકશો."





પછી રાજા અબ્બાસે થોડુંક ખાવાનું લપેટ્યું. એમણે એક ગરીબ માણસ નો વેશ ધારણ કર્યો અને પછી તેઓ મહેલ ની બહાર નીકળ્યા.

એમણે પોતાના પૂરા રાજ્ય માં શોધ્યું. અંત માં તેઓ ત્રણ ગરીબ માણસો પાસે પહોંચ્યા જે તાપણાં ની પાસે બેસી એક-બીજા સાથે વાતો કરી રહ્યા હતા.



પહેલા માણસ ના લાલ અને ગોળ હોંઠ હતા. બીજા ની આંખો શાનદાર હતી, અને ત્રીજા નું જબરદસ્ત નાક હતું.

રાજાએ ત્રણેય ભૂખ્યા માણસો સાથે પોતાનું રાત્રી ભોજન વહેંચ્યું. ખાધા પછી તેઓ આગ માં તાપતા આરામ કરવા લાગ્યા. ત્યારે એ ત્રણેય માણસો એ રાજા ને તેમની ગુપ્ત વાત કહી.

"અમે આજે રાત્રે રાજા ને ત્યાં ચોરી કરવા જવાના છીયે," એમણે કહ્યું.

"આ કામ અસંભવ છે!" રાજા એ કહ્યું.

"પણ અમે અમારી વિશેષ શક્તિઓ થી એને સંભવ કરીશું," પહેલો ચોર એના લાલ ગોળ હોંઠો માં થી ધીમે થી બોલ્યો. " હું સીટી થી એક એવી ધૂન વગાડી શકું છું જેનાથી દરેક ને ઊંઘ આવી જશે."

બીજા ચોરે રાજા ને એની શાનદાર આંખો થી જોયા. "હું દીવાલ પાછળ ની વસ્તુઓ પણ જોઈ શકું છું."

ત્રીજા ચોરે એના જબરદસ્ત નાક થી સુંઘયું. "મારી છીંક એટલી તાકાતવર છે કે એ કોઈ પણ દરવાજા ને એના મિજાગરા માં થી ઉખાડી ને ફેંકી શકે છે."

રાજા એ પહેલા ચોર ના હોંઠ, બીજા ચોર ની આંખો અને ત્રીજા ચોર નું નાક જોયું. પછી એમણે એમની મૂછ મરોડી અને કહ્યું, "મારી પાસે પણ એક શક્તિ છે. જો તમે લોકો પકડાઈ જશો તો હું મારી મૂછ મરોડી ને તમને છોડાવી દઈશ."

રાજા ની મૂછ બહુ શાનદાર લાગી રહી હતી, એટલે ચોરો એ એને પણ એમની ટોળકી માં શામેલ કરી લીધા.



પછી રાજા અને ત્રણેય ચોર, અડધી રાત્રે મહેલ માં ચોરી કરવા પહોંચ્યા.

જયારે તેઓ મહેલ પાસે પહોંચ્યા તો પહેલો ચોર દરવાજા પાસે ગયો. એણે એના ગોળ હોંઠો થી એક લયદાર સીટી વગાડી. એનાથી હવા સ્થિર થઈ ને એકદમ ભારે થઈ ગઈ. પછી તુરંત બધા પહેરેદાર ઘાઢ નિદ્રા માં સૂઈ ગયા અને ધીમે-ધીમે કરીને જમીન ઉપર પડી ગયા. પછી પહેલા ચોરે એના બીજા સાથીઓ ને હાથ હલાવી ને બોલાવ્યા. જયારે રાજા એ એના પહેરેદારો ને સૂતા જોયા તો એમને વિશ્વાસ ન થયો.





બીજા ચોરે દરેક દિશા માં જોયું. પછી એ એના સાથિઓ ને ભૂલ-ભુલૈયા માં થઈ ને રાજા ના ખજાના પાસે લઈ ગયો. રાજા આશ્ચર્યચકિત રહી ગયા. ચોરો એ સાચેજ એનો ખજાનો શોધી કાઢ્યો હતો!



ત્રીજા ચોરે બધાને એની પાછળ ઉભા રહેવાનો ઈશારો કર્યો. પછી એની નાક કંપવા લાગી અને એને બહુ જોર થી છીંક આવી આક....છી....! એની શક્તિશાળી છીંક થી ખજાના નો દરવાજો તૂટી ગયો. આ જોઈ રાજા એકદમ દંગ રહી ગયા.

હવે તેમની સામે એક શાનદાર ખજાનો હતો જેમાં બેશુમાર દૌલત ભરી હતી. ચોર ખુશી થી ઝૂમી ઉઠયા અને એમણે સાથે લાવેલા કોથળા ને ચળકતા રત્નો અને ચમકતા સોના ના સિક્કા થી ભર્યા. પછી તેઓ લૂંટ ને લઈ ને મહેલ ના પાછલા દરવાજા થી ભાગ્યા. ગભરાયેલા રાજા પણ એમની પાછળ-પાછળ ભાગ્યા.





તાપણાં પાસે પાછા ફરતા ચોરો એ રાજા ને પણ ચોરી ના માલ માં સહભાગી કર્યા.

રાજાએ ત્રણે ચોરો ના સૂઈ જવાની રાહ જોઈ. ત્યારબાદ તેઓ પોતાના મહેલ માં પાછા ફર્યા.









રાજાએ એના શાહી વસ્ત્રો પહેર્યા અને એના સૂતેલા પહેરેદારો ને જગાવ્યા અને એમને ચોરો ને ગિરફ્તાર કરવાનો આદેશ આપ્યો. થોડા સમય માં રાજા ના પહેરેદારો ચોરો ને ભરેલા દરબાર માં ઘસડીને લઈ આવ્યા.

રાજા એ એમના વજીર ને પણ બોલાવ્યા.

વજીરે ત્રણેય ચોર ને તાકી ને જોયા. "મહામહિમ, તેઓ ફક્ત એક સંકેત છે. તમે તમારી શક્તિ નો ઉપયોગ બુરાઈ અથવા અચ્છાઈ, બંને માટે કરી શકો છો."

રાજા એ વજીર ને સખ્તાઈ થી જોયા. "જુઓ, આ ત્રણેય ચોર છે." પછી રાજા એમના સિંહાસન પર જઈને બેસી ગયા.



ઈરાન ના મહાન રાજા એ પોતાના સિંહાસન પરથી એ ભયભીત ચોરો ને જોયા. "તમને લાગ્યું કે તમે રાજા નો ખજાનો લૂંટી શકો છો!" તેમણે ગર્જના કરી.

ત્રણેય ચોરો એ એમની બેગુનાહી ની અરજ કરી.

ત્યાર બાદ રાજા અબ્બાસે એના શાહી વસ્ત્રો ઉતાર્યા. એની નીચે એજ ગંદા કપડાં હતા જે તેઓએ ચોરો ને મળતે સમયે પહેર્યા હતા. આ જોઈ અદાલત માં હડકંપ મચી ગઈ. ચોરો એ ક્ષમા માંગી.

પછી રાજા એ એમના પહેરેદારો ને બોલાવ્યા.

"આ ત્રણેય ને કાળકોઠરી માં લઈ જઈ બંધ કરી દો!"

પહેરેદારો એ ચોરો ને ઘેરી લીધા. પહેલા ચોરે બીજા ચોર ને કોણી મારી. બીજા ચોરે ત્રીજા ને કોણી મારી. પછી ત્રીજા ચોરે પોતાની હિમ્મત સમેટી ને રાજા ને કહ્યું, "મહામહિમ, કાલે રાત્રે આપે કહ્યું હતું કે જો અમે પકડાઈ જઇયે તો તમે તમારી મૂછો મરડી ને અમને આઝાદ કરાવી દેશો. કૃપા કરી ને હમણાં તુરંત આપની મૂછો મરડો."

પછી રાજા એ ઈશારો કર્યો. પહેરેદાર અટકી ગયા. અદાલત ચુપ થઈ ગઈ.





રાજા એ વિચાર્યું. એમણે પહેલા ચોર ના હોંઠ, બીજા ચોર ની આંખો અને ત્રીજા ચોર ના નાક ને જોયા. પછી રાજા એ થોડી વધારે વાર વિચાર કર્યો. એમણે એમના વજીર સામે જોયું અને એની વાત ને યાદ કરી. વજીરે કહ્યું હતું, "શક્તિ નો ઉપયોગ સારા યા ખરાબ બંને કામ માટે કરી શકાય છે." ધીરે-ધીરે રાજા ના ચહેરા પર એક સ્મિત ફરક્યું અને પછી તેઓ એમની મૂછો મરડવા લાગ્યા.


અંત માં રાજા એ ઘોષણા કરી, "એક રાજા ક્યારેય પોતાનો વાયદો તોડતા નથી. આજ થી તમે ત્રણેય મારા મહેલ માં રહેશો. સાથે રહીને આપણે આપણી શક્તિઓ નો ઉપયોગ કરીને એ સુનિશ્ચિત કરીશું કે આપણા રાજ્ય માં કોઈ ભૂખ્યું ન રહે."





આ સાંભળી ત્રણે ચોર એટલા ખુશ થયા કે પહેલા ચોર ના ગોળ હોઠોં ઉપર એક સ્મિત આવ્યું, બીજા ચોર ની આંખો ખુશી થી ઝૂમી ઉઠી, અને ત્રીજા ચોર નું નાક ખુશી થી કંપવા લાગ્યું.

અદાલતે એમના દયાળુ અને બુદ્ધિમાન રાજા નો જય-જયકાર કર્યો. પછી વજીરે રાજા તરફ જોયું અને સંમતિ માં એનું માથું હલાવ્યું.



એ દિવસ પછી રાજા એ ક્યારેય એકલા ભોજન ન કર્યું. રાજા ના પહેરેદાર, એમનો ભરોસેમંદ વજીર અને ત્રણેય ચોરો એ રોજ રાજા સાથે મળી ને રાત્રી નું ભોજન કર્યું. પછી જયારે પણ તેઓ કેસર ભાત, દાડમ ના દાણા સાથે માછલી ખાતા, ત્યારે રાજા સ્મિત કરતા.



સમાપ્ત